આનંદલહરિ.

(અથવા.)

વિનોદ અને વાર્ત્તામાળા

માસિક પત્રોમાં પ્રકટ થતા.

લેખોના નમૂના.

સંપાદક—વસન્ત.

(દેશી મિત્ર એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.)

પ્રસિદ્ધકર્ત્તા-ઠક્કરબ્રધર્સ.

બુકસેલર્સ અને પબ્લીશર્સ.

ભાગાતળાવ—સુરત.

काव्य-ज्योति.

किरण १ लुं.

पितानो दरबार.

પિતા ! ત્હારે દરબાર, આવીને ઉભો છૂં એકલો.
પિતા ! પૃથ્વીપર દ્વાર, ઉઘાડી ઉભો છૂં એકલો.
પિતા ! સેવૂં છૂં સાધના અખુટ છે;
પિતા ! લેવૂં સૌ લેવાની લૂંટ છે:
પિતા ! દેવૂં સૌ દેવાની છૂટ છે:
પિતા ! કાયાના કાચા સંપૂટ છે;
પિતા ! પાપી પરકાર, તોડીને ઉભો છૂં એકલો.
પિતા ! સ્નેહે સંચાર, જોડીને ઉભો છૂં એકલો.
બ્રહ્મજ્ઞાનીના સૂર્યરશ્મિ ઉગશે;
કાલ જોડીને દેવલોક ઉઠશે;
સ્થાન છોડીને મંગલજન આવશે;
કદી પૃથ્વીના પત્થરો ઉશકશે;
પિતા ! ખીલી દિગન્ત, ચૈતન્યે ઉભો છૂં એકલો.
પિતા ! ઝીલી બ્રહ્માંડ, રશ્મિમાં ઉભો છૂં એકલો.
વેદવાણી વેણુંમાં વગાવશૂં;
બુદ્ધબોલો બન્ધુમાં બજાવશૂં;
ક્રાઇસ્ટ કહેણોનાં કીર્ત્તનો કરાવશૂં;
મંત્ર મહમ્મદના મંદિરે મઢાવશૂં;
સિદ્ધ શંકરનાં શ્રેય સદા સાધશૂં;
બ્રહ્મ બિન્દુનાં ખાલી ખીલાવશૂં;
પિતા ! જ્યોતિઅંબાર, ઉરાડી ઉભો છૂં એકલો.
પિતા ! આવી દરબાર, આનન્દે ઉભો છૂં એકલો.

૨૩:૧૦:૦૯

વિદ્યાશ્રમ. સ્વામી સ્નેહજ્યોતિ.

જગદંબા—જન્મભૂમિ.

(લાવણી અથવા સવૈયા એકત્રિસા.)

બ્રાહ્મણ શીર્ષ, બાહુ ક્ષત્રિય, ઉરૂ વૈશ્ય, પાય શુદ્રો જેના;
જય જય જય જય ભારત જનનિ ! વેદ સ્તોત્ર ગાયે ત્હેના.
નિરાકાર સાકાર બની, તુજ મુર્ત્તિ ઉર-મંદિર હસતી;
દિવ્ય-કિરણ-રેખાએ આંકી. રૂપ-છટા ઘટ ઘટ વસતી.
રટવા નામ મળી છે રસના, આંખો તુજ દર્શન કાજે;
તન-મન-ધન સૌ ત્હારે માટે, ઉઘડી છે આંખો આજે.
કરથી મા ! તુજ પૂજન કરશું, પ્રદક્ષિણા પગથી ફરશું;
જીવન-રસ રેડી સેવામાં, તુજ શ્રી-પદ શિરપર ધરશું.
પ્રકટ થયા, પોષાયા તુજથી, રોયા, ખેલ્યા, તુજ ખોળે,
વિરામવાને તેમજ માતા ! અન્ય સ્થાન મન નહીં ખોળે.
અમર ઇશ્વરી લતા માત તું, વિરાટ તું વ્યાપી સઘળે:
નામ-રૂપનો ભેદ ટળે ત્યાં, તુજ વિણ અન્ય કશું ન મળે.
ભિન્ન મતિ-રૂચિ ભેદે જગમાં. વિધ વિધ ધર્મો પ્રસરી રહ્યા,
કાળ, બુદ્ધિ, બળ, શક્તિ શોધે, તે માર્ગે જગ-લોક વહ્યા.
ઉત્પત્તિ, સ્થિતિ, લયકરનારી, શક્તિ-ત્રિપુટી ઇશ તણી,
ત્રિમુર્ત્તિ રૂપે જગ જનની ! ત્હેં અનુપમ, સુંદર સૃષ્ટિ ચણી.
તુજમાંથી પ્રકટી એ આજે, સ્થિતિ-પોષણ પામે ત્હારૂં.
આંટી થઇ મા ! તુજમાં મળશે, પ્રલય સમય આ જગ સારૂં.
મૂળ સર્વનું એકજ મા ! તું; આદ્યશક્તિ આધાર ખરી;
થડ, ડાળી, ફૂળ, દૂર કરીને, તુજ પદમાં રતિ-ભક્તિ ધરી.
જનક પિતા પ્રભુ, જનનિ તું મા ! અમ્હે સર્વ બાળક ત્હારાં;
માત-પિતાની સેવા કરવા, બંધાયાં ભેગાં-ન્યારાં,
પુજા-અર્ચા-સેવા કરવી, મુખ્ય ધર્મ અમ બાળકનો;
એજ માર્ગ તે ભક્તિ ત્હારી, એજ મંત્ર પ્રભુ પાળકનો.
એ ભક્તિનો નાદ ગજાવી, દેવ-ગાન રૂષિઓ કરતા;
શાસ્ત્ર, પુરાણ અને દર્શન પણ એજ નાદ અંતર ધરતા.
એ વાણી-એ વેદ-ગાનમાં ધર્મનાદ આજે ગાજે;
દીન બાલકો યાચે જનનિ ! ત્યાં કંઠ તુજ ગૌરવ ગાજે.—બ્રા०

वसंत—माधव.

મંગલ-પ્રાર્થના.

(વસંતતિલકા.)

૧

ચોપાસ દિવ્ય ઝરણાં હસતાં વહંતાં,
કલ્લોલ વ્યોમમહિં પક્ષી ઉડી કરંતાં,
તારામણિ ગગનભૂમિ મહીં જડેલ,
સિંચે રૂપેરી કરથી હિમરશ્મિ તેજ.

૨

વૃષ્ટિ મહીં અમૃતની બધું વિશ્વ ન્હાય,
કોકિલ ગાન કરતી તરૂમાં સુણાય,
પુષ્પોથી વૃક્ષ વિટપો હસતી જણાય,
વેરાય મન્દ સ્મિતશું ઉડુનેજ માંલ.

૩

ખીલ્યાં કુસુમ હસતાં નવ વાટિકાના,
ઊંચે ઊડે અમૃત મૌક્તિકના ફુઆરા,
ઝીણી લતા કુમળી કુસુમથી નમેલી.
ગાતી રમે ત્યહિં સખીસહ 'કાવ્ય-દેવી.'

૪

એ દેવીગાન સુણતા નિજ બાલ ન્હાના,
ને કાવ્યસ્રોતતણું નિર્મલ નીર પીતા,
આનંદ—કુસુમપરાગ બધે ઉડીને,
દેવીતણા હૃદય સૌરભથી ભરી દે.

૫

ચૂમી કુસુમ લહરી મૃદુ શીત આવે,
ત્હેને સહર્ષ સહુ તે અમરી વધાવે,
તે મંજુ વાત-લહરી અહિંયાં વહંતી,
આપો સદાય જનને સહુ સુખ શાંતિ ! !

કુન્દ.

"विजय-निशान भारतनुं."

(ગઝલ-કવ્વાલી.)

હમે સૌ હિંદના ગોગી, ધરીશું ધ્યાન ભારતનું;
ફકાવી ધર્મ-ધ્વજ કરમાં, કરીશું ગાન ભારતનું.
ધરીને શીલની સેલી, ચ્હડાવી જ્ઞાનની કફની;
વિરક્તિ-દંડ શિર મેલી, ઝિલીશું તાન ભારતનું.
જગાવી કષ્ટની હોળી, લગાવી ઇષ્ટની ઝોળી;
જમાવી સંતની ટોળી, ભજનમાં ભાન ભારતનું.
ગયું જે જે હતું નબળું, રહ્યું તે સૌ થયું સબળું;
ભુલાયું વિશ્વ આ સઘળું, સ્વિકાર્યું જ્ઞાન ભારતનું.
ત્યજી છે લોકની લજ્જા, ત્યજી છે શાન્ત સુખ-સજ્જા;
હમારાં માંસ કે મજ્જા, બધું કુરબાન ભારતનું.
નથી ઇલકાબની ઇચ્છા, નથી પદ-નામની પરવા;
નથી સુખભોગની વાંચ્છા, ચહું સન્માન ભારતનું.
હૃદયમાં પ્રેમ-લય જાગી, સમાધિ લક્ષમાં લાગી;
હમે ત્યાગી-વિરાગીએ, લગાવ્યું ધ્યાન ભારતનું.
નસોમાં રક્ત ભારતનું, શરીરમાં અન્ન ભારતનું;
મુખે બસ ! ગાન ભારતનું, સ્વરોમાં તાન ભારતનું.
હમારા જન્મનું સાર્થક, હમારા મોક્ષની સીડી;
હમારાં સ્વર્ગને માટે, ચ્હડે વિમાન ભારતનું.
ગગનમાં નાચતો ઝુંડો, જગતમાં ઉડતું ચેતન;
જીવનમાં રેલતો આત્મન, વિજય-નિશાન ભારતનું.

વસન્ત.

પ્રભની પાઠશાલા.

અમે ચેલા બધા ઘેલા પ્રભુની પાઠશાલાના;
અમે ઘેલા અને મેલા પ્રભુની પાઠશાલાના !
અમારામાં કશો ના માલ:
અમે તો મૂર્ખ ને કંગાલ:
છતાંએ બાળકો છઇયે પ્રભુની પાઠશાલાના !
અમે ઘેલા બધા ચેલા પ્રભુની પાઠશાલાના:
અમે મેલા અને ઘેલા પ્રભુની પાઠશાલાના !

કાન્ત.

आत्मस्वरुप—दर्शन.

(પદ.)

હું કૂટસ્થ નિત્ય નિરંજન, અસંગ છું નિરધાર;
પંચ કોશથી ભિન્ન સદાયે હું છું નિર્વિકાર,
પંચ ભૂતના ધર્મ ન મારા, સત ચિત્ આનંદ સાર;—હું
પંચ પ્રાણ તે હું નહિ નિશ્ચે, શું કહું વારંવાર ?
દશ ઇંદ્રિયથી પર સદા છું, સૂક્ષ્મતમ અવિધાર;—હું
અનાત્મ વસ્તુ હું નથી કઇ, શક્તિ મુજ અપાર,
ભાનુ માહીં મારૂં તેજ છે, જો કરી જરી વિચાર;—હું
પાપ પુણ્ય ન મારે કાંઇ, નિર્લેપ મુજને ધાર,
અચ્યુતને અનાદિ હું છું, સહુનો પાલનહાર;—હું
ઓતપ્રોત વિશ્વ છે મુજવિષે, શંકા નહીં લગાર,
મુજ સત્તાથી રમી રહ્યા છે, સકલ આ સંસાર;—હું
સજાતીય વિજાતીયને, સ્વગત ભેદ ન ધાર,
સહુ પ્રકાશક હુ છું નિશ્ચે, સહુને મુજ આધાર,—હું

કવિ જનસુખરામ નરહરરામ.

મોહિનીની ભર્ત્સના.

પદ.

જોગી તને લાજ, કહે ન કેમ આવતી ?
મીઠી વેણુ વદે શું લલચાવતી ?
કાન્તિ અનુપમ દીપે તેજસ્વી
ઉચ્ચ કુળ જાત દરશાવતી—જોગી.
જોગી તે નિરંજન, નિર્વિકાર તે ને,
વૃત્તિ ન વિલાસી લેશ ભાવતી—જોગી.
જાતિ અધમ જડ સમજું ન કાંઈ,
ક્લેશ કરનાર હું કહાવતી—જોગી.
શું મોહ પામિયો નિરખી હું મને ?
એક વિપરીત શું બની મતિ ?—જોગી.
જૂઠી તે પ્રીત તુજ, નાશી તું જશે,
મૂકી મુજને જ ટટળાવતી—જોગી.
મૂને ઉત્તમ તુજ ધામ હોય ત્યાંહી,
લઈ જવાય કેમ તાહરીવતી ?—જોગી.
પત્ની તે તાહરી હોશે અનુપમ,
અપ્સરા અનેકને લજાવતી.—જોગી.
"નહિ છેતરાઉં !" કહી નેન નચાવતી,
મોહી આપ, મોહ ઉપજાવતી.—જોગી.

મ. બ. બ્હોરા.

ઇશ—સ્તવન.

(સ્ત્રગ્ધરા.)

જામાં શાંત નિશામાં ઝમ ઝમ કરતી ચિત્ત ચોંકાવનારા,
ત્રૈલોક્યે જે વિસ્તરીને મધુર-રવથકી, મોહમાં નાંખનારા;
ભૂલાવી, ભાન ખેંચી, સકળ જગતના નાથમાં પ્રોઇ દેતા,
નાદે પૂર્ણ શ્રી રાધાવર સુખ—મુરલી ચુંબતી ધોજ શાતા.
જે આદ્યશક્તિ પોતે સૃજતી, વળી દઈ પ્રાણને પોષતી જે,
કાળે સંહાર કરી, સહુ કૃતિ નિજમાં વાળી સંકેલતી જે,
દૃષ્ટિયે નાવતી તોયે જીવનવત્ કરે વિશ્વ રૂપાન્તરે જે,
વ્યાપે મૂર્તિ ત્રિધા ઐક્યવત્, ભિન્ન છતાં વંદ્ય-અગમ્ય છે તે.

નીલોત્પલ.

भ्रमित मुसाफरने मार्ग—सूचन.

(ગઝલે કવાલી.)

ભૂલેલા ઓ, મુસાફર ! આંખ ખોલી જો થવાનું શું ?
નજર કંઇ કાર્યની કરજે, હતું અહિં શોધવાનું શું ?
કદી તેં ગૌર કીધો છે? અજલ આવ્યે થવાનું શું ?
જનમતાં સાથ શું લાવ્યો, હવે લઇને જવાનું શું ?
ધરીને ગર્ભમાં બેડી, હજારો આફતો વેઠી,
સફળતા શી કરી ત્હેની ? હતું અહિં સાધવાનું શું ?
ઉદર નવ માસ કીધો વાસ, દીધો ભાર માતાને,
હતો શો કોલ ત્યાં ત્હારો ? હતું અહિં સારવાનું શું ?
ઝુલ્યો'તો પારણામાં ને, રમ્યો'તો માતને ખોળે,
હવે શું ખાખમાં ખોળે ? હતું ત્યાં પામવાનું શું ?
ભણ્યો બહુ પાઠ દુનિયાંના, ઠગાઇની કિતાબોમાં,
અરા કંઇ ઇલ્મનું એકે, ન પાનું વાંચવાનું શું ?
હરયો પામી હસીનાને, ફર્યો તું શોખને ફંદે,
દિવાની ગઇ જવાની, ત્હોય બાકી હારવાનું શું ?
અખી બાઝાર ગઇ ઉઠી, હવે સોદો થવાનો શું ?
નથી લેનાર કે દેનાર, ત્યારે વ્હોરવાનું શું ?
વિતાવી જીંદગી સારી, હવસની બદ ગુલામીમાં,
ઘડી આનંદની ના'વી, ન જોયું ઠારવાનું શું ?
ગુમાવી હાથનો હીરો, હવે પસ્તાય શું પાજી ?
કરે ઇન્સાફ કાજી ત્યાં, પુરાવા શોધવાનું શું
હજી છે હાથમાં બાજી, વિચારી જો જરા કાંઇ,
કયામતના દિવસ માટે ભર્યું ત્હેં તારવાનું શું ?

વસંત.

નવું અને જૂનું એતો કાળની લીલા.

ગઝલે કવાલી.

ગણંતાં વર્ષની માળા, મહા પંડિત પણ ભૂલે;
જગતનો તાત બ્રહ્માએ વરસને પારણે ઝૂલે.
ગયું જૂનું, નવું આવ્યું, નવું જૂનું વળી થાશે,
નવાં-જૂનાં તણી ઘટમાળ જગને આંગણે ટૂલે.
વહંતાં વર્ષ, મહિના, પક્ષ ને સપ્તાહ દિવસોમાં,
દિવસ ચાલ્યા ઘડી પળમાં, વૃથા મ્હોટાઇ શી તું લે?
વહંતાં જીવ, જંતુ, દેવ, દાનવ; સૃષ્ટિમાં સઘળાં;
જતાં દેખે હજારોને, છતાં શું આંખ ના ખુલ્લે?
ખરે છે ખીલતાં પુષ્પો, મરે છે જન્મતાં પ્રાણી,
ડુબે છે ઉગતા ભાનુ, સદા કરમાય, જે ફુલે.
મહા બળવાન માન્ધાતા, ગુણી જન ગ્રંથના ગાતા,
બડા શૂરા અને દાતા, બળે સૌ કાળને ચૂલે.
ગયાં એ રામને સીતા, ગયાં શ્રીકૃષ્ણને રાધા,
ગયા છે ભીષ્મને પાંડુ, રહ્યા નહીં ત્હેમનાં મૂળે!
ગયા દારા, સિકંદર શાહ, રૂસ્તમ, પહેલવાં મ્હોટા
કહે ત્હારૂં ગજું તે શું? વિના આધાર શું ફુલે?
ગયા અલમસ્ત, મદમાતા, વિધાતા, તાત ને ભ્રાતા,
લખાતા ચોપડે જગને, ચિરાતા કાળની શૂળે.
મળી છે સાહ્યબી સઘળી, ભલે માથે ચમર ઝૂલે,
નગારૂં મોતનું ગ્હડતાં, નહીં બાકી રહે ધૂળે!
ગયા તે તો સદા માટે, ગયા ત્હેની નિશાની શી?
નિશાની એક છે, કે કાળ કોઇને નહીં ભૂલે!
અમરપં લખાવીને, નથી કોઇ અહીં આવ્યો,
અહીં જે આપશે નહીં તે, પછી પરલોકમાં શું લે?
કરે છે જૂલમ શા માટે? ધરે છે પાપ શા માટે?
નહીં પાપી કદી ખાટે, લખી એ કાળજે તું લે.
સુખી આ લોક કે પરલોકમાં ચાહે થવા કદિયે,
સુખી કર, અન્યને ભાઇ! સમય આ શીદને ભૂલે?

ખેતસિંહ હરિભાઈ જોડિયાવાસી.

ધર્મ-રોદન-ધ્વનિ.

રાગ રામગ્રી. (વૈદરભી વનમાં વલવલે.)

બાલુડાં હિંદનાં ટળવળે, ભૂલ્યાં ધર્મની વાટ;
આજે આંખો ભરી વિનવું, ગુરૂ ! દેખાડો ઘાટ.—બાલુડાં-૧
ઈર્ષા, દ્વેષ, કુસંપથી, ત્રાસ પામે છે માત;
હિંદ-સુપુત્રો હેરાન છે, વાળ્યો દેશનો દાટ.—બાલુડાં-૨
શહેરની શોભા જણાય તે, ઉપર ઉપરનો ઠાઠ;
ભેદનો ખેદ વધી પડયો, રોગો બહુ કચવાટ.—બાલુડાં-૩
વર્ષા છતાં દુષ્કાળથી, મરે ભૂખ્યા બહુ ભ્રાત;
ઇશ્વર પણ અવળા થયા, કોને કહીએ વાત?—બાલુડાં-૪
શ્રી રામચંદ્રના રાજમાં, ધોબી ક્ષુલ્લક જાત;
વચનો કટુ ત્હેનાં સાંભળી, તજ્યાં સીતાજી માત.—બાલુડાં-૫
ત્હેને અધર્મ નથી ગણ્યો, ન કર્યો દંડ કે ઘાત;
બાર-બાર વર્ષ દુષ્કાળનાં, વેઠયાં સત્યને માટ.—બાલુડાં-૬
ધર્મ પાળો દેશ-બંધુઓ, સુણી ધર્મનો નાદ;
વેળાસર જો નહિ ચેતશો, (તો) રડશો છાતીફાટ.—બાલુડાં-૭
વધ્યો અધર્મ આ દેશમાં, તેથી ઉપજ્યો ઉચાટ;
નિર્મૂળ કરવા અધર્મને, ધાઓ રામ-કૃષ્ણ તાત !—બાલુડાં-૮
વચનો આપ્યાં ગીતા વિષે, હવે સંભારો તાત !
ઓ રામ ! ઓ કૃષ્ણ ! વિનવું, બીરદ પાળોને નાથ.—બાલુડાં-૯
બંધાયા શ્રીમુખ શબ્દથી, કરવા ધર્મનો સાથ;
નાદ સુણી આજે ધર્મનો, નાથ ! ઝાલોને હાથ.—બાલુડાં-૧૦

ચુની.

શંકાભરણ.

પિતા ! આનન્દના અવશેષ શું ?
પૃથ્વી કલ્યાણપથમાં છે ?
પ્રયાણ ચિદાનંદનો છે ?
સદાનંદ—ચિદાનંદ—
સચ્ચિદાનંદ ! !

પિતા ! જગત્ સમાધિમાં છે ?
બ્રહ્માનંદ ક્‌હાં છે ?
ગિરિશૃંગ ડોલશે, ને
પીશે એ બ્રહ્મનિધિનાં અમૃત !
પિતા ! ઉત્પાદક-જનેતા કોણ ?
ભોગી કોણ—?
ત્‌હેના યોગી કોણ ?
લય શાના પિતા ?
કે ઉત્પત્તિ ને લય એ
ક્ષુબ્ધ ચિત્તનાં ભ્રમવાક્ય,
ને અજ્ઞાનમાં શંકાભરણ ?
પિતા ! લોકો શું જીવે છે ?
શું હસે છે ?
શું રૂવે છે ?
શાસ્ત્રીઓ કહે છે કે,
રત્નાકરે રત્ન આપ્યાં—
જલમન્થનની પ્રસાદી;
પણ એ તો અસંભવિત.
જનદેવ કાલનિધિનાં
ઉંડાં જલને વલોવે,
તોય ધૂળની ધૂળ—
કાળો કાદવ.
એનો શક્તિની અસાધના,
કે અજ્ઞાનની પરાકાષ્ટા.
પિતા ! એ શંકામાં સમાધાન—
અજ્ઞાનમાં અભિરામ;
એ—
संसयात्मा विनश्यति !
કિરણમાંથી—
નિત્યમાંથી—
સૂક્ષ્મમાંથી—
અનિત્ય-અસંભવિત—

૨૮૩૯.

જડ પૂતળી-પૂતળાંના
નાચ—
કૂદે-હસે-ને પછડાય
પત્થરામાં;
તેની તો ખાણો થવાની
કાળા કોયલાની;
રાખની રાખ ને
ધૂળની ધૂળ સદાની એ તો.
પછી ઉપરથી
કે અંદરથી,
પ્રભુના દૂતો-
દેવગણો-
તેના હીરા બનાવશે.
બન્યા ?
પિતા ! એ શું ?
પૃથ્વીનો વાયુ થાય
તો તે વંટોળ ક્યહાં જશે ?
પ્હાડના વાયુ થશે-
પણ વાયુમાં યે ધૂળ તો રહેશે.
તેજમાંયે અંધાર-મેશના
તણખા રહેશે.
દીવો બળે તે મેશનો.
પરમપિતા !
જ્ઞાનરવિ !
અનાદિ-!
અનન્ત !
પૂર્વથી પશ્ચિમ એમ કેમ બનાવ્યું ?
સૂર્ય કે પૃથ્વીને સ્થિર કેમ ન રચ્યાં ?
પણ હા ! પિતા-
કાલનું વ્હેવું ને
સ્થળનું બદલવું-

એ તો અભેદ જ્ઞાન છે.
પિતાની ઇચ્છા !
પિતા ! હસાવો—
પ્રસંગમાં પ્રભુતા રેડો—
જીવનમાં જય જ્ઞાન સિંચો.
રાગમાં રશ્મિ રેલો—
કે બિન્દુનાં બ્રહ્મ રાજે:
વિશ્વકલા તે
મનુજની ભાવના હો !
પિતાની શક્તિ
એ લોકનાં દૃષ્ટિવાહ હો
સમાજનાં માળખાં—
ઉંચાં ઉડે ને
વાયુમાં તેજના ગોળા
છૂટે—
ત્યારે—
બ્રહ્મ-વિશ્વ—
જગત્-માયા—
સંસાર—સમાજ
મનુજ એ—
ભિન્ન એકતાની ભિન્નતા સાધશે.
પિતા ! બાલક છું.
બાળકને અજ્ઞાન—
એ જ્ઞાનનાં ઉદ્દીપન
નીવડો.
શરણે છું તાત !
પરમાત્મન્.

ડીસેમ્બર ૧૯૧૯
વિશ્રામ. સ્વામી સ્નેહ જ્યોતિ.

પ્રેમ-જ્યોતિ.

સાંસારિક પ્રેમનાં વિવિધ ચિત્રો.

અવતરણ; પ્રેમમહિમા.

"रसो वै सः।"—श्रुतिवाक्य.

" પ્રેમ બરાબર યોગ નહિ, પ્રેમ બરાબર ધ્યાન;
પ્રેમ-ભક્તિ બિન સાધવા ! સબહી થોથાં જ્ઞાન.
પોથે સબ થોથે ભગે, પંડિત બને ન કોય;
અઢાઇ અક્ષર પ્રેમકે પઢેસો પંડિત હોય. "

"Love rules the Court, the camp, the grove,
For Love is Heaven and Heaven is Love."

Scott.

પ્રેમ એ બ્રહ્માંડનો રાજા છે, અને બ્રહ્માંડ-સકળ પ્રેમનું સુગ્રામ છે. પરમાર્થ-પ્રદેશમાં પ્રેમ એજ બ્રહ્મ છે, અને વ્યવહાર-ક્ષેત્રમાં પ્રેમ એજ પરમેશ્વર છે. ચેતનમાં પ્રેમ એજ સ્ફુરણ છે; જડમાં પ્રેમ એજ અસ્તિત્વ છે. પ્રેમ એ સ્થાણુ છે, પ્રેમ એ સૃષ્ટિનો મૂળાધાર-બીજમંત્ર છે. પ્રેમ એજ અલૌકિક અમૃતનો ખાસો છે; અને પ્રેમ એજ હળાહળ ઝેરનું જનનસ્થાન છે. સંક્ષેપમાં આ અનંત બ્રહ્માંડમાં જે કંઇ થયું છે; થાય છે, અને ભાવીમાં થશે; તે બધાનું-સારાનું અને નરસાનું-મુખ્ય દૃષ્ટિબિંદુ એક પ્રેમ, પ્રેમ ને પ્રેમજ છે.

આ દુનિયામાં યુગે યુગે પ્રત્યેક દેશ, પ્રત્યેક ગૃહ, પ્રત્યેક વ્યક્તિ, અને પ્રત્યેક હૃદયમાં પ્રેમના અંકુરો ફુટ્યા છે. ઠેકઠેકાણે પ્રસંગ મળતાં, પ્રેમની આગ સળગી છે. તે પ્રેમ ભલે એક પ્રકારનો હોય; કે અન્ય પ્રકારનો હોય; પરંતુ ગમે તે પ્રકારના પ્રેમસ્પર્શવિના કોઇપણ પરમાણુ આ સૃષ્ટિમાં રહી શકયું નથી.

વ્યાપક પ્રેમના વિશાળ પંજામાંથી કોઇ છટકી શકયું નથી. પ્રેમ-પ્રાણવિના ચેતનનું અસ્તિત્વજ નથી. જીવનનો એક સાર અને બ્રહ્માંડનો મૂળ આધાર તે પ્રેમ. સૃષ્ટિના સ્વામીનું સાક્ષાત્ સ્વરૂપ તે પ્રેમ. એ વિશ્વવ્યાપક પ્રેમ એક પ્રકારનો છે; અનેક પ્રકારનો છે. નવો છે; જૂનો છે; અને નવા-જૂનાની એકતાને એક સાથે સાધનારો છે. હૃદયની ક્ષુદ્ર ભાવનાઓને મહાન્ કરી,-પ્રબળ કરી, માર્મિક લાગણીઓના તનમનાટ વચ્ચે, આત્મભોગની યોગ-સમાધિમાં તે સર્વત્ર સમાનતાવાળો છે. જુદા જુદા રૂપમાં પણ ગુણ-કર્મ સ્વભાવે એકજ પ્રકારનો છે. તેમજ સ્થળ, સાધન અને વિકાસના પરિણામમાં તે અનેક પ્રકારનો છે. પરન્તુ ગમે તેવી અવસ્થામાં પણ તે છે, છે ને છે. યોગીના યોગમાં, ભોગીના ભોગમાં, રોગીના રોગમાં, રાજાના રાજમહેલમાં, ગરીબની ઝુંપડીમાં, ઉદાસિનની વિરક્તિમાં, વિષયીની વાસનામાં, સંસારીના ઘરમાં, ત્યાગીના વનવાસમાં, ખાખીના અખાડામાં અને આત્મજ્ઞાનીના મોક્ષમાં એજ અદ્વિતીય પ્રેમ સર્વદા, સર્વકાળ, સર્વ રૂપે, પોતાનો અખાડો જમાવી બેઠો છે. સર્વત્ર પોતાનો અચળ આવાસ ચણીને અડગ રૂપે રાજી રહ્યો છે. ગોરી ચામડીવાળી પશ્ચિમની સભ્ય પ્રજા; પૂર્વની ઘઉંવર્ણી, નિવૃત્તિપરાયણ, આર્યપ્રજા, ગોળચહેરા ચીનાઓ અને ચીબાવલા ચીબા જાપાનીસો. બાહુક જેવા કદરૂપા ભીલો, અને આફ્રિકાના કાળા નિગ્રો-કુલીઓ, અર્ધા નાગા જંગલી એબિસીનીયન હબસીઓ અને ટાઢથી ધ્રુજતા સાઇ-બીરિયનો વગેરે આ દુનિયાના તમામ જાતના લોકો, એક સરખી રીતે પ્રેમમંદિરના પુજારીઓ બને છે. માત્ર માણસો તો શું, પણ આ સૃષ્ટિના સકળ પ્રાણીઓ એ પ્રેમ-મંત્રના ઉપાસક છે. પ્રેમ સહુનો દેવ છે, અને સહુ કોઇ પ્રેમના સેવક છે. પ્રેમનું સામ્રાજ્ય કોઇ પણ હૃદયમંદિર ઉપર પોતાનો અધિકાર જમાવ્યા વિના રહેતું નથી.

એ પ્રેમ-સાક્ષાત્કારનાં વિવિધ ચિત્રો પ્રત્યેક દેશમાં પ્રતિદિવસ વિવિધ રંગ-રૂપમાં દૃષ્ટિએ પડે છે. તેવાં અનેક ચિત્રોને ચિત્રકારોએ જુદી જુદી પીંછીઓથી ચિતર્યાં છે. નવલકથાકારોએ તેમને નવનવીન વાર્તા-રૂપમાં આલેખ્યાં છે; કવિઓએ અલૌકિક કાવ્ય-કલ્પનામાં ગાયાં છે, અને નાટ્યકારોએ વિવિધ રાગ-રંગથી નવરસમાં ભજવી બતાવ્યાં છે.

આવાં જુદાં જુદાં જાતનાં કેટલાંક પ્રેમ-ચિત્રોને અહિં યથાશક્તિ આંકી બતાવવાની ઇચ્છા છે. પ્રસ્તુત પ્રયત્ન એ ઇચ્છાનું એક પહેલવહેલું ન્હાનું સરખું પરિણામ છે. તે જો વાચક-વર્ગને રુચિકર નિવડશે, તો પ્રેમની છાયામાં પ્રેમની વાતો કરવાના અન્ય પ્રબળ પ્રસંગો પણ આનંદસહિત આંકી બતાવવાનો ઉત્સાહ વધશે. અર્થાત્ આવાં ન્હાનાં પ્રેમ-ચિત્રો આંકવાના યત્નોને વધારવા, કે અહિંજ બાજુએ મૂકાવવા, એ જેમના હાથમાં આ પ્રથમ પ્રયત્ન મૂકાય છે, તેમની રુચિ અને ઉત્તેજનાનેજ સર્વથા અધીન છે.

વળી આ યત્નની સફળતા કે અફળતા બતાવવાનું કામ વિશાળ બુદ્ધિશાળી વિદ્વાનોનું છે. માટે તે વિષય તેમનેજ સુપ્રત કરીને, અમે તો અહિં માત્ર કર્તવ્ય-બુદ્ધિથી કાર્યારંભ કરીએ છીએ. તે પ્રેમ-રસ-અધિષ્ઠાતા પરમાત્માની કૃપાને પાત્ર થાઓ; એજ માત્ર અમારી યાચના છે.

પાર્થિવ પ્રેમનું પ્રથમ ચિત્ર;

નિદાન અને ચિકિત્સા.

ઉત્પત્તિ—અંકુર

" પ્રેમ છુપાયા નાં છુપે, જા ઘટ પરગટ હોય,
જો કે મુખ બોલે નહીં, નયન દેત હૈં રોય.
લાગી લાગી ક્યા કરે ? લાગી નાહિં એહ,
લાગી તો સબ જાનિયે, જબ કરે કલેજે છેદ. "

પરમોદાર વૈશાખી પૂર્ણિમાનો નિર્મળ શશી, ઝાડ, પાન, પૃથ્વી, જળ, સ્થળઆદિ સમગ્ર પ્રાણી-પદાર્થો ઉપર રજતધારા વરસાવી રહ્યો છે; પરંતુ કમલિની આજે એકવાર પણ તેના તરફ જોતી નથી. હમેશાં તો, તે અજવાળી રાત્રિએ પોતાના સ્વામીની સાથે અગાશીની શ્યામલ તૃણભૂમિ ઉપર કલાકોના કલાકો સુધી ફરતી. ઘણા વખત સ્વામી-સ્ત્રી બન્ને જણાં, એ મુલાયમ તૃણ-આસન ઉપર બેસીને આકાશનું શીતળ અમૃત ઝીલતાં, એક બીજાનાં મુખ સામે જોઈ રહેતાં. એ સમયના શાન્ત આનંદનું અવ્યક્ત સ્વરૂપ, શબ્દોમાં વ્યક્ત કર્યા વગરજ માત્ર આંખોના ભાવથી ઉકેલાતું. બીજી કંઈ વાતચિત કરવાનું પ્રયોજન ન રહેતું.

વખતે વખતે વચ્ચે નર-કંઠ-વીણાના તીવ્ર-મધુર-સ્વર સાંભળીને, ભય પામતી રજની, પોતાનું જ્યોતિર્મય અંગ છુપાવવાને ઉતાવળી ઉતાવળી ક્યાંય પલાયન કરી જતી, તેનો કંઈ પત્તોજ ન્હોતો ! એ ગાન-ગંભીર, શાન્તિપૂર્ણ સમયમાં કોઈ કોઈ વખત જ્યારે કૌમુદીનાં લાવણ્યને ભ્રમથી ઉષા સમજીને, બગીચાની વૃક્ષલતાઓમાં ભરાઈ બેઠ

ક્યાંએ ચાર પક્ષીઓ, પોતાની અજ્ઞાનતા પ્રકાશ કરતાં, પ્રભાતનો કિલકિલાટ કરી મૂકતાં, ને સાંભળીને હેમની નિર્બુદ્ધિનું ઉપહાસ કરતી, સ્વામીના મુખ તરફ દૃષ્ટિ ફેરવીને યુવતી મંદમંદ હસતી હતી.

રસિકના-પ્રિય યુવક રતિલાલની આંખોમાં કૌમુદીનાં ઉજ્જ્વલ કિરણોથી સીંચાયેલું એ વખતનું અલૌકિક, નૈસર્ગિક સૈન્દર્ય ઘણું મધુર જણાતું હતું. આવી અનેક સ્વચ્છ પૂર્ણિમા-રાત્રિયો આનંદમાં વીતી હતી. પરંતુ આજે એ આનંદ અને સૌન્દર્યનો એવો આવિર્ભાવ જણાતો નથી.

આકાશ એજ છે. ગ્રહ-નક્ષત્રો કૌમુદીનાં તેજથી ઝાંખા પડતાં એવાને એવાંજ છે. પૂર્ણિમાની સ્વચ્છતા, નિર્મળતા, અને ધવળતા એના એજ છે; છતાં આજે એનોએ આનંદ જણાતો નથી! તે ક્યાં ગયો? આજે તેમનું મન પ્રફુલ્લિત કરવાના સુશોભિત શશીકળાના પ્રયત્નો તથા નિરર્થક છે. ધીરે ધીરે રાત્રિ નિઃસાસા નાંખતી વીતવા લાગી; કૌમુદી ક્રમે ક્રમે ફીકી પડવા લાગી; પરંતુ પ્રેમી દમ્પતિએ તેના તરફ દૃષ્ટિપાત પણ કર્યો નહીં! ક્રમશઃ રાત્રિના ઘણા પ્રહર કલાકો એમજ ચાલ્યા ગયા; પણ બન્નેમાંથી કોઇએ ઘરથી બહાર નીકળવાનો વિચાર સુદ્ધાં કર્યો નહીં!

ચંદ્રની જ્યોત્સનાની આ અણગમતી ઉપેક્ષાનું કારણ તપાસતાં તે માત્ર હેમનાં એકનાં એક વ્હાલાં સંતાનનો વ્યાધિ હતો. ચાર બરસનો, પ્રાણથી વ્હાલો, લાડકો પુત્ર મોહન, એકા એક તાવની બિમારીમાં પટકાઇ પડ્યો હતો. આજે પૂર્ણિમાની રાત્રિએ તે જડ જેવો થઇને, પલંગપર બેશુદ્ધ હાલતમાં પડી રહીને, માતા પિતાના મનમાં અમાસનો અંધકાર પાથરતો હતો. તેનું શરીર તપેલી લોઢી જેવું ગરમ હતું. આંખો લાલચોળ બની ગઇ હતી હોઠ શીકકા પડીને સૂકાઇ ગયેલાં પાંદડા જેવા જણાતા હતા. તેનાં કોમળ અને ન્હાનાં દેહ-મંદિરમાં બળતો જીવન-દીપ આ વખત છેક નિસ્તેજ અને ક્ષીણ ભાવે ઝાંખો ઝાંખો બળતો હતો. પંદર દિવસના સતત જ્વરની તાડનાથી હમેશનો હસતો-રમતો, પ્રફુલ્લલોચન બાળક મોહન આજે એકા એક અવસન્ન થઇને શાંત શય્યામાં પડ્યો હતો. તેની આજની રાત બહુ વસમી હતી. ડૉકટરે કહ્યું હતું કે,—"આજની રાત વીતી જાય, ત્યાં સુધી બાળકનાં જીવન માટે તેનાથી કંઇ કહી શકાય તેમ નથી!"

રોગીનો પલંગ ન્હાનો અને નીચો હતો. ત્હેની બાજુમાં કમલિની ગોઠણુ મરડીને બેઠી છે. પોતાના બન્ને ખુલ્લા હાથ પલંગની કિનારી પર મૂકી, સ્થિર દૃષ્ટિયે બેશુદ્ધ બાળકની સ્હામે જોઇ રહી છે. ત્હેની મ્હોટી, કાળી અને સુંદર આંખોમાં ભય અને ચિંતાની ગંભીર છાયા પડેલી છે. ખાળી રાખેલાં આંસુથી સ્નિગ્ધ બનેલી પાંપણોને છેડે ઝાકળનાં એકાદ બિંદુ જેટલું જળ ભરાઇને ઉભરાઇ રહેલું દૃષ્ટિયે પડે છે. આજે વિષાદ અને ગંભિરતામાં પણ એ નેત્ર-યુગ્મમાં કેવી સ્વર્ગીય જ્યોતિ ચળકી રહી છે ? અગ્નિમાં તપાવવાથી વિશેષ વિશુદ્ધ અને ચળકતાં બનેલાં સ્વર્ણની પેઠે જાણે કમલિનીનું રૂપ-લાવણ્ય પણ ચિંતા અને કષ્ટની કસોટીવડે વધારે ખીલતું હોયને ! એવો ભાસ થાય છે. ત્હેણે શરીરપર વિંટાળેલી સાડીનો અચળ ખસી પડયો છે. ત્હેનાં શરીરની ચંપા જેવી કાન્તિ, સુગઠિત અને યોગ્ય બાંધણીવાળા ત્હેના અવયવો, સામાન્ય અને આકર્ષક પ્રમાણમાં યૌવન વિકાસથી મનમોહક થઇ પડેલો ત્હેનાં શરીરનો ઘાટદાર બાંધો, આ સર્વ સુંદર સાહિત્યો એકજ સ્થાને એકત્ર થઇને, દીવાના ઝાંખા પ્રકાશમાં મનોહર-મહિમા-મૂર્ત્તિને લાવણ્ય તરંગોમાં વિશુદ્ધ કરી રહ્યાં હતાં. ત્હેના ખુલ્લા હૃદય-દેશપર ઝુલતી સોનાની મોહનમાળા ત્હેનાં શરીરના સમુજ્વલ સુવર્ણવર્ણ સાથે સ્પર્ધા કરી રહી હતી. પરંતુ ત્હેનાં રૂપ-લાવણ્યના પરમ ઉપાસક રતિલાલની આજે એ અલૌકિક સૌન્દર્યમૂર્ત્તિ તરફ નજર પણ જતી ન્હોતી. પુત્રને અતુલ પ્રેમથી ચાહનારો પિતા પણ આ વખતે સંસારના સુખમોહ અને સર્વ સાહિત્યોને વિસારી દઇ, બાળકના પ્રબળ વ્યાધિ માટે શોક અને ખેદ કરતો, ચિંતાગ્રસ્ત મુદ્રાએ પલંગની પાસે મૂકેલી એક ખુરશીપર બેસીને, ડાબા હાથપર ગાલ અને મસ્તક ટેકાવી, મોહનનાં પીળાં પડી ગયેલાં ફીક્કાં મ્હોડાં તરફ જોઇ રહ્યો હતો. રાત-અજવાળી, નખરાળી,પુનમની કૌમુદીભીની રાત-વીતતી હતી. ઘટિકાયંત્રની શીશીમાંથી સરતી રેતીના કણુની સાથે એક પછી એક પળ નિયમસર સરી જતી હતી; પરંતુ પ્રેમી દંપતી એજ પ્રમાણે અનિમિષ નેત્રે રોગી બાળકના પલંગની બાજુમાં અખંડ ધ્યાનથીજ બેસી રહ્યું હતું. સ્હામેની દિવાલપર લટકાવેલાં ઘડીયાળમાં "ટન ટન" કરતાં બાર વાગ્યા. મોહનિદ્રામાંથી જાગી ઉઠી હોય, તેમ ઝબકીને, પોતાના ધ્યાન યોગમા-

થી જાગૃત થઇ કમલિનીએ સ્વામી તરફ નજર કરીને મૃદુ સ્વરે કહ્યું:—"મોહનની દવા ? "

સમાધિ-મંત્રમાં વિઘ્ન પડવાથી ઉદાસ થતા, રૂષિકુમાર જેવા જણાતા ઉદાસ રતિલાલે પત્ની તરફ જોઇને ગંભીર ભાવથી ઉત્તર આપ્યો કે—" મોહન ઉંઘમાં હોય એમ જણાય છે, ડોકટરે નિદ્રા-ભંગ કરી દવા આપવાની ના કહી છે; દવા કરતાં ઉંઘ કંઇ ખરાબ નથી. "

સ્વામીનો ખુલાસો સાંભળી, ત્હેના ઉત્તરમાં કંઇપણ ન બોલતાં માત્ર આતુરતા ભર્યો એક નિસાસો નાખીને યુવતી ચુપજ બેસી રહી. રાત્રિ સણુસણાટ વીતી જતી હતી, દંપતિને રાત્રિનો વિચાર ન્હોતો. સંસારના વિવિધ વ્યાપારનો પણ વિચાર ન્હોતો; તેઓના તન-મનનું એક માત્ર લક્ષ્ય, શય્યામાં સુતેલા ચાર વરસના શિશુ મોહનમાંજ સમાઇ રહ્યું હતું.

એટલામાં બ્હારનાં જ્યોત્સ્ના-પ્લાવિત ઉપવનમાંથી કોઇ મધુર કંઠે પંચમ-સ્વરના આલાપપૂર્વક રાત્રિની નિસ્તબ્ધતાનો ભંગ કરતું એકાએક ગાવા લાગ્યું:—

"સખિરી ! મ્હારૂં હૃદય ગયું વિંધાઇ;—સખિરી.
શ્યામ અંગની શીતળ વાયુ લહરી, અરિ ! રગરગ ઉભરાઇ,
સ્પર્શ કરે બળતાં અંતરનો, પ્રકટે શિખ સવાઇ;—સખિરી.
આવો સખીઓ ! યમુનાતીરે, ન્હાઓ સુશીતલ નીરે,
ધીરે આગ સમાય સમીરે-અમંગળ જાય હરાઇ;—સખિરી.

ગાયનના તીવ્ર, મધુર અને લંબાત ધ્વનિથી રાત્રિનું શાન્ત વાતાવરણ પ્રતિધ્વનિત બની રહ્યું. જાગૃત દંપતી, ચિંતા-નિદ્રામાંથી ચમકી ઉઠયું ! કંઇક શાન્તિમાં સુતેલો રોગી બાળક મોહન પણ એ તીવ્ર સ્વરથી ચમકી જાગીને રડવા લાગ્યો. વિસ્મયથી અને બાળક માટેના ભયથી આતુર બનેલી કમલિની એકદમ ઉઠીને ઉભી થઇ ગઇ ! શરવિદ્ધ હરિણીની પેઠે અકળાયેલી મુખમુદ્રાએ આમ તેમ જોવા લાગી. આશ્ચર્યથી ચારે દિશામાં નજર કરતાં કંઇ પત્તો ન મળવાથી, ભયભીત થયેલી કુરંગીની પેઠે છેવટ સ્વામીની સહાય્યતા શોધતી હોય તેમ આતુર આંખોએ તેણે રતિ તરફ જોયું. તરતજ રતિલાલ ઉભો થઇને બહાર ગયો. એટલામાં સંગીત પણ અટકયું. માત્ર પ્રતિધ્વનિત થયેલાં વાતાવરણમાં પંચમસૂરનો જાણે હજી

રણકો વાગી રહ્યો હોય તેમ, તેની સ્મૃતિ, કાન દેશમાં ગણુગણતી હતી. ફળીયાંની આસપાસ બાંધેલી ન્હાની દિવાલના વરંડાપર ઉભો રહીને રતિલાલ ગાનારનો પત્તો મેળવવા માટે ચારે દિશામાં દૃષ્ટિ ફેંકવા લાગ્યો. રસ્તામાં—સામેના શેરીમાં—બાજુનાં ન્હાનાં મેદાનમાં અથવા સામેના મન્દિરમાં કોઇપણ સ્થાને ગાનારનો પત્તો મળ્યો નહીં ! એટલામાં સામા બાજુના બગીચા વચ્ચે આવેલા અજવાળામાં મનોરમ જણાતા લતાકુંજમાંથી એજ મધુર સંગીતનો સ્વર પાછો શરૂ થયો.

"કાળું મુખ કાળી આંખ, કાળી પ્રેમભીની પાંખ,
ત્રિજગતા શું ! દાન કરે શ્યામ વ્રજવિહારી ?
યૌવન ધન સાગરે, દેહ-લતા સતરે,
ખેંચી રાખો છુટતી કમાન આવો પાઇ;—સખિરી.

વંડો કુદાવી, રતિલાલ દોડતો દોડતો બગીચાના લતાકુંજમાં આવ્યો. ગાનારની નિકટ પહોંચતાંજ ત્હેના બન્ને હાથ ઝાલીને તેણે ચુપ રહેવાનું કહ્યું. ગાનારો ગાંડા માણસની પેઠે મંદમંદ હસવા લાગ્યો. હસતાં હસતાં પાછો ગાવા લાગ્યો :—

ભરતીનાં પાણી ને મરતી જવાની;
ગયાં પાછાં આવે નહિ, ત્હેમાં શી નવાઇ ?
જીવન જોબન ધન, પામ્યું આ ઉપવન;
ત્યાં સુધી બેટી બાંધો સ્નેહની સગાઇ; સખિરી.

ગાનારો કોઇ અવ્યવસ્થિત મનનો, અવ્યવસ્થિત ભગવાં વસ્ત્રવાળો, તરંગી વેરાગી જણાતો હતો. માથે છુટા રાખેલા, હવામાં ફરફરતા, લાંબા કાળાકેશ, ચંદન ચર્ચિત ભાળ અને કપોળ; વિશાળ આંખો; જવાન અને ઉજ્જવળ શરીર. એ બધું ઠીક પણ મનની મસ્તી અને તનની સ્થિતિ કંઇ ઓરજ હતી! રતિલાલે આ વિચિત્ર જણાતા વિરાગીને, પોતાનાં વચનોની અવગણના કરતો જોઇ રાગપૂર્વક કહ્યું,—"ઓ મહારાજ ! તમારૂં ગાયન બંધ કરો. ઘણું થયું"

ગાંડો બાવો બેદરકારીથી વળી પાછો હસીને બોલ્યો;—"કેમ ! શા માટે ?" સંગીત પુનઃ શરૂ થયું:—"યૌવન વૃક્ષનું પુષ્પ ન ખીલે—"

"અરે !" રતિલાલ, બાવાજીનો હાથ ઝાટકતો વચમાં બોલી ઉઠ્યો; "મહારાજ ! મહેરબાની કરીને મુંગા રહો. નહીંતો પછી—"

મહારાજે હસીને કહ્યું:—"ક્યા ! પુલિસકો બુલાયગા ? "

"હા. એમજ" રતિલાલે ક્રોધિત સ્વરે કહ્યું:-" હમ યહાંકે માલિક હંય માલુમ ?"

"અરે, બાબા !" વૈરાગીએ ઉપહાસવ્યંજક સ્વરે હસતાં હસતાં જણાવ્યું-" હાકિમ હોવા છતાં બચ્ચાંને બચાવી શકતા નથી! તબ તો તાપકે ઉપર તુમ્હારા તાપ બતાઓ નાં ! વ્હે બારેમેં કહાં હય તુમ્હારી હાકિમી, ? કહાં હય હિંમત ઔર તઆક્ત ? હા ! હા ! હા !" હાસ્ય-ધ્વનિ વાતાવરણમાં ગાજી રહ્યો !

રતિલાલે જોયું કે ગાંડાથી કામ પડ્યું છે; અહિં કંઇ વળે તેમ નથી; માટે નકામી માથાકૂટ કરવાનું શું પ્રયોજન ? એથી વૈરાગીનાં છેલ્લાં ઉપહાસ-વાક્યો સાંભળીને, ત્હેના તરફ ક્રોધ અને ઘૃણાપૂર્વક નજર નાખીને "અચ્છા" એટલુંજ માત્ર કહી, પોતાના આવાસ તરફ પાછો વળ્યો. બગીચાની દિવાલ કુદાવી, ફળીયાંમાં દાખલ થતી વખત પાછું વળી જોયું, તો ત્હેને પેલો ગાંડો વૈરાગી પોતાની પાછળ પાછળ ચાલ્યો આવતો દેખાયો ! જોત જોતામાં ગાંડા મહારાજ પણ પેલી ન્હાની દિવાલપરથી રતિલાલનાં ફળિયામાં કૂદી પડ્યા ! બાવાજીની ધૃષ્ટતા જોઇ, ક્રોધથી અધીરા બનીને રતિલાલે તરતજ ત્હેની સામે ઉભા રહી જણાવ્યું:-"ઓ દિવાના ! ઇધર કાયકો આયા ? બહાર જાઓ ! નિકલો યહાંસે !"

સ્મિત-મુખે વિરાગી મહારાજ બોલ્યા "છિઃ વ્હે ક્યા ? ધર્મ શાસ્ત્ર જાનતા હય કે નહીં ?—

* अरावप्युचितं कार्यमातिथ्यं गृहमागते ! "ઇસ ધર્મ નિયમ કો નહીં જાનતા ક્યા ? હિન્દુ હોય કે વ્હે કૈસા વ્યવહાર કરતા હય ?"

મહારાજની વિચિત્રતા, ધૃષ્ટતા અને હિમ્મત, તેમજ ત્હેમનાં વચનોની વિદ્યુતશક્તિથી વિસ્મિત થઇને રતિલાલ શંકિત ચિત્તે મુંગો મુંગો બાવાજીનાં મ્હોડાં તરફ જોઇજ રહ્યો ! શું કરવું, તે કંઇ નિર્ણય ન કરી શકવાથી જ્યાં ઉભો હતો, ત્યાંજ સ્થિર રહીને બાવાજીની સ્હામે તાકીને જોવા લાગ્યો. વિરાગીની ઉમ્મર આશરે ત્રીસ વરસની જણાતી હતી. ત્હેનો ગૌરવર્ણ, ઘાટદાર શરીર, ગોળ અને ગૌરવવાળી મુખમુદ્રા, સીધું અને ઉંચું નાક, ઉન્નત લલાટ, તેજસ્વી

* ઘેર આવી ચડેલા દુશ્મનનું પણ સારી રીતે આતિથ્ય કરવું જોઇએ. એ ગૃહસ્થાશ્રમીનો પરમ-ધર્મ છે.

નેત્રો, કાળા ભમ્મર જેવા લાંબા કેશ, વચ્ચે ખાડાવાળી લાંબી હડ-પચી, અને ત્હેનું સુકોમળ સુંદર શરીર જોતાં, આવી જુવાન વયમાં એ સુગઠિત શરીર સાથે ગેરિક અને અવ્યવસ્થિત વસ્ત્રોની વિષમતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી. ઉન્મત્તભાવથી હસતી વખતની મહારાજની મુખમુદ્રા વળી કંઇ ઓરજ પ્રભાવ ધારણ કરતી હતી ! ત્હેના માથાપરની સુદીર્ઘ, કુંચિત કેશરાશિ વિખરાઇને બન્ને બાજુએ ખભાપરથી છેક પીઠ અને હૃદય-પ્રદેશપર ઢળી પડી હતી. ચારેમેર પથરાયેલી એ કેશરાશિ વચ્ચે ત્હેનો ગોળ હસતો ચ્હેરો, ગુલાબના છોડ ઉપર સુકોમળ ડાળ-પાન વચ્ચે ઝુલતાં ખીલેલાં ગુલાબનાં ફુલ જેવો સુંદર જણાતો હતો. તોપણ એ પથરાઇ રહેલી કેશરાશિમાં મહારાજનું મુખ અરધું તો ઢંકાઇ રહ્યું હોવાથી, ત્હેનો સંપૂર્ણ પરિચય મળી શકતો ન્હોતો. ચંદ્રના કિરણો, એ ઘાટી કેશજાલને ભેદી ન શકવાથી મુખકમળને જોઇએ તેવું ઉજવળ કરી શકતાં ન્હોતાં.

પરંતુ અર્ધવિકસિત પુષ્પ કળીપરથી જેમ ત્હેની સુગંધિનો પરિચય મળે છે; તે પ્રમાણે મહારાજના અર્ધા છુપાયેલા ચ્હેરા પરથી પણ ત્હેના પ્રભાવનો પરિચય મળ્યા વગર રહેતો ન્હોતો. મહારાજનાં ગળામાં માળા હતી; જમણા હાથના મણિબંધપર પણ રૂદ્રાક્ષની ન્હાની માળા શોભતી હતી. મહારાજ ડાબે હાથે, જમણા હાથની માળાના મણકાપર આંગળીઓ ફેરવતા, હસતાં નેત્રે રતિલાલની સ્હામેજ સ્થિર ઉભા હતા. રતિલાલ પણ ત્હેમની સામે થોડીવાર સ્થિર નેત્રે મુંગો મુંગો ઉભો રહેવા પછી અધીરાઇથી બોલ્યોઃ—"તે બધું ખરું, મહારાજ ! પરન્તુ અત્યારે અમારો જીવ ઠેકાણે નથી. મ્હારો એકનો એક પુત્ર સખત તાવમાં મૃત્યુશય્યા પરપડેલો છે માટે"—રતિલાલની આંખોના બન્ને પ્રાન્તમાં પાણી ભરાઇ આવ્યાં.

ત્હેનું વાકય પૂરૂં થયું ન્હોતુ, એટલામાં તો મહારાજ વચ્ચેજ સ્પષ્ટ ગુજરાતીમાં બોલી ઉઠયા; "હં; ત્યારે તો હું બરાબર યોગ્ય વખતેજ આવી પહોંચ્યો છું. ચાલો. એકવાર ત્હમારા પુત્રને જોઇશું."

* * * * *

ઝરૂખામાંથી વાતચિત કરવાનો સ્વર સાંભળતાંજ, એ કોણ હશે ?, તે જાણવાની આતુરતાથી કમલિની ધીરેથી ઉભી થઇને ઓરડાના બારણાંપાસે આવી ઉભી. દરવાજા પાસે પહોંચતાંજ ચંદ્રની ઉજ્વળ કૌમુદીમાં અર્ધવિકસિત ગુલાબ જેવા, વિરાગીના વાળના ગુંછળાંઓથી આવરિત ચ્હેરા ઉપર ત્હેની નજર પડી. એ ઘણા દિવસો અગાઉ જોયેલો, કેશરાશિમાં અર્ધો છુપાયેલો પરિચિત ચ્હેરો દૃષ્ટિયે પડતાંજ તે એકાએક ચમકી ગઇ ! ત્હેનું હૃદય ધડાક ધડાક કરતું જોરથી કંપવા લાગ્યું ! ત્હેનું માથું એકાએક ફરવા લાગ્યું ! અસ્થિર બની જતાં શરીરના પડી જવાના ભયથી બારણાંનું કમાડ પકડી, પોતાના દેહની એ ટેકાથી રક્ષા કરી, કમલિની ફરીથી મહારાજનાં મ્હોં તરફ ધારી ધરીને જોવા લાગી. એ સુંદર મુખ મુદ્રામાં આજે વિશાળ ફેરફાર નજરે પડતો હતો. તો પણ હરિલાલ ને જોતાંજ કમલિની ત્હેને તરત ઓળખી શકી હતી. ત્હેની મુખમુદ્રા જોઇને કમલિનીનાં હૃદયમાં પણ એકાએક મ્હોટો ફેરફાર થયો !

જે હૃદયવેદના અને વ્યથાને આજે ઘણા દિવસ થયાં દબાવી રાખીને, આજ સુધી એક રીતે ભૂલી ગઇ હતી, તે પાછી વિરાટ રૂપ ધારણ કરીને સુંદરીના સુકોમળ હૃદય પિંડને છિન્ન ભિન્ન કરવા લાગી. એ વ્યથાની સાથે આજે એક બીજી પણ અવ્યક્ત ભીતિ ત્હેનાં હૃદયમાં પ્રવેશ કરીને ત્હેની મર્મ-વેદનામાં વધારો કરવા લાગી. કમલિની આટલીવારે હવે પોતાના પુત્રની વ્યાધિનું કારણ સમજી.

અન્ય કોઇ મનુષ્યનાં મહત્ હૃદયને દુઃખી કરીને, આ જગત્માં શું કોઇ સુખી થઇ શકે ? ધન, વૈભવ અને ઉંચી સામાજિક સ્થિતિથી પણ ત્હેને ક્યારે સુખ થયું હતું ? કમલિની વિચાર કરવા લાગી. આજથી છ વરસ અગાઉનો બધો દુઃખમય પ્રસંગ ત્હેની આંખો સામે ખડો થયો. તે શા માટે એવા નૃશંસ ભાવથી વરતી હતી ? ત્હેણે શા માટે એક નિર્દોષ યુવકને, હંમેશને માટે સંસારના સ્વર્ગમાંથી ધક્કો મારીને હાંકી કહાડયો હતો ? ત્હેણે શા માટે લોભ-લાલચને વશ થઇ, વિના કારણ સ્નિગ્ધ હૃદયને દગો દીધો હતો ? ત્હેનાં હૃદયમાં પશ્ચાતાપનો પ્રબળ અગ્નિ, શત શિખાએ સળગવા લાગ્યો. ત્હેની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યાં. ત્હેનો મગજ ફરવા લાગ્યો. તમ્મર આવતાં બારણું ઝાલી, કમાડને વળગી રહી. મ્હોંમાંથી નીકળી જતી ચીસને, મહા પ્રયત્ને હોઠ દાબી, અટકાવી રાખી, "અરે, પ્રભો ! આવી કુટિલતા હું તે શા માટે કરી હશે ? "

* * * *

આ તરફ તેના માંદા પુત્રને એકવાર જોવાની વિરાગીની ઇચ્છા જાણીને રતિલાલ વિચારમાં પડ્યો. પહેલાં થોડી આનાકાની કરી. પછી તેણે કહ્યું:- "વારૂ, મહારાજ ! પધારો."

વિરાગી કંઇ પણ ઉત્તર ન આપતાં મુંગો મુંગો હેનું અનુસરણ કરવા લાગ્યો. થોડીજ વારમાં બારણાં પાસે આવતાં રતિલાલે પુનઃ કહ્યું કે,-" મહારાજ ! અંદર પધારો." હેમને સમિપમાંજ આવી પહોંચેલા જોઇને કમલિની બારણામાંથી ખસીને કમાડ પાછળ ભરાઇ ઉભી. મહારાજ અંદર આવતા હતા તેનો કશો પણ મર્મ જાણતી ન્હોતી કેમકે વાતચીતના અસ્પષ્ટ અવાજ શિવાય તે કશું પણ સ્પષ્ટ રીતે સાંભળવા પામી ન્હોતી; એથી આતુરતા અને શંકામાં તે ધડકતી છાતીએ લાજ-બારણા પાછળ ઉભી રહી. રતિલાલની હેના તરફ નજર ગઇ નહીં. એતો વિચારમાંને વિચારમાં રહામેજ બાળકના બિછાના તરફ લક્ષ્ય કરીને ચાલી ગયો; પરન્તુ દરવાજા પાસે પહોંચતાંજ મહારાજની નજર તરત યુવતીઉપર પડી રમણીને જોતાંજ મહારાજ પણ ચમકી ગયાં ! ચારે આંખો મળી. પૂર્વ-સ્મૃતિની સતેજ ચિણગારીઓ ચારે આંખોમાંથી ઝરવા લાગી ! મહારાજનું માથું પણ ઘુમવા લાગ્યું ! હેણે મનમાંને મનમાં જાણ્યું કે છ વરસની પ્રભુ ભજનની સખત સાધના, હેનું તીર્થયાત્રાઓનું પરિભ્રમણ, ગામે ગામ, ઠામે ઠામ, મન્દિર અને મઠમાં કરેલો નિવાસ, સાધુ-સંતોનો સમાગમ અને એવી એવી વિરકત-દશાની સઘળી પુણ્ય-પ્રવૃત્તિયો આજે અચાનક યુવતીની આંખો સાથે આંખો મળતાં પળવારમાંજ વૃથા નીવડી હતી. પ્રચંડ પવિત્ર સાધનાનું આ કેવું પરિણામ ? પ્રણયાગ્નિનું આતે કેવું પરિબળ ? લાંબા છ વરસો વીતી ગયાં હતાં. છતાંપણ એ દેવિનન્દિત મધુર મૂર્ત્તિ, મહારાજનાં મર્મમાર્જિત હૃદયપટમાં સ્પષ્ટરૂપે અંકિત બની રહી હતી તે આજે હજાર રૂપ ધારણ કરીને બાવાજીની ચારેમેર નાચવા લાગી ! હાયરે ! ત્યાગ ! ત્હારી સેવના નિષ્ફળજ નીવડી ! મહારાજે જાણ્યું કે પોતાનો સંયમ હજી ઘણો બાકી હતો. હૃદયની દુર્દમનીય ભાવનાઓઉપર અધિકાર મેળવવાને હજી ઘણી વાર હતી ! પોતાનાં હૃદય-બળનું મહારાજનું અભિમાન પળવારમાંજ ગળી ગયું ! અને કમલિની ! વિદ્યુમાનથી તૂટી પડેલી કોમળ લતાની પેઠે અર્ધજ મુર્છિત અવસ્થામાં-બન્ને હાથે પોતાની આંખો દબાવીને જમીનપર બેસી ગઇ હતી !

આ પત્રનો વધારો.

ઉત્તમ નવલકથાનાં

નવાં પુસ્તકો.

મેવાડની સંધ્યા અથવા પ્રેમની આહુતિ—આ એક ઘણીજ સરસ ઐતિહાસિક નવલકથા છે; જેમાં રણઘેલા રાજપૂતોનાં અજાયબી ભરેલાં પરાક્રમો વર્ણવેલાં છે. વાંચતાં હસવું અને રડવું બન્ને એક સરખી રીતે દેખાવ દે છે. આશરે ત્રણસો પાનાં; સુંદર, સોનેરી અક્ષરવાળું પાકું પુઠું; કિંમત માત્ર રૂ ૧-૮-૦

મેવાડનો સૂર્ય—ક્ષત્રિય વીર પ્રતાપઃ—મહારાણા પ્રતાપસિંહનું નામ કોણે સાંભળ્યું નથી? મહાન રાજપૂત દેશભક્તના પરાક્રમોથી કયો હિંદવાસી અજાણ્યો છે? ખરી દેશભક્તિ શું છે? માતૃભૂમિની સેવા કેમ રીતે કરી શકાય? દેશને માટે દેહનું બલિદાન દેનારા ક્ષત્રિયો કેવા ચુસ્ત દેશાભિમાની હતા? પવિત્ર પ્રેમ કેવી રીતે પૃથ્વી નો જય કરે છે? વગેરે હજારો નવી બાબતો અને નવા જુસ્સાના પ્રબળ વહનમાં તણાવનારી એક ઉત્તમ નવલકથા (તદ્દન ઐતિહાસિક, રાજદ્વારી અને ઉંડી રાજખટપટથી ભરેલી.) પૃષ્ઠ ૩૮૦ ઉપર. છપાય છે! અગાઉથી કિંમત રૂા. ૧-૪-૦ પાછળથી રૂ.

પ્રેમ જ્યોતિ—પ્રેમનાં જુદાં જુદાં સ્વરૂપ બતાવનારી આ નવી નવલકથા પણ હાલ છપાય છે. થોડા વખતમાં બહાર પડશે. પ્રેમ જગતનો રાજા છે. દુનિયા પ્રેમની ગુલામ છે; પ્રેમના રાજ્યમાં પણ અનેક અટપટી ખટપટો ઉભી થઇને માણસનાં મનો કેવું ભમાવી નાંખે છે! આ નવલકથા વાંચવાથી તેહેનો ભેદ સમજી શકાય છે અને સંસારી પ્રેમથી લઇને સ્વર્ગીય પ્રભુ પ્રેમ અને મોક્ષનાં દ્વાર સુદ્ધાં ઉઘડી જાય છે. આગળથી ફક્ત રૂા. ૧.

પાતાળની પ્રેમદા:—એક ભેદી બનાવોની નવરસ ભરેલી નૌતમ નવલકથા, એકવાર વાંચવી શરૂ કરી તો પછી પૂરી કર્યા અગાઉ હાથમાંથી છોડવી ગમે તેમ નથી. અજાયબી પ્યાર, કીનો, ખૂન અને ભુગરને ધમધમાવી મૂકે એવા હૃદયભેદક પ્રસંગોથી પાને પાને નવાં પ્રસંગો આંકેલા છે. કિંમત ફક્ત રૂા. ૧-૦-૦

કુંવારી કન્યા:—હિંદુ ઘરસંસારનો મનોવેધક ચિતાર બતાવનારી એક ચિત્તાકર્ષક નવલકથા; જેમાં હિંદુ લલનાઓની હાલની હાલત, દેશની પરિસ્થીતિ, હિંદુ લોકોના આજના આચાર વિચાર અને એ હિંદુ સંસારને સુધારવાનાં સોનેરી સંગીન સાધનોનાં મનોહર ચિત્રો આંકવામાં આવ્યા છે. આ પુસ્તકની રસ ભરેલી છટાદાર ભાષા માટે એક સાક્ષરે તેને " કરણ ઘેલાની ભાષા " ની ઉપમાં આપેલી છે. વાંચવાથી વખત અને વિત્તનું સાર્થકજ સમજાશે. પ્રથમ આવૃતિની કીંમત રૂા. ૧ા હતી. હાલ થોડા વખતને માટેજ અરધી કીંમત છે. માટે તાકીદે મંગાવો. કિં. રૂ ૦-૮-૦.

વિયોગી જીવન:—એક નવરસ ભરેલી નવી નવલકથા— વિયોગ એ જગત્ અને જીવનનું ઝેર છે જે વિયોગી મનુષ્યોને એ ઝેર ચડેલું હોય તેમનું ઝેર ઉતારી સ્નેહીનો સંયોગ કરાવવા માટે આ વારતા એક ચાવી છે. કીંમત ફક્ત રૂા. ૦-૮-૦

બાદશાહ અને બીરબલ—બાર ભાગની સેંકડો મીઠી વાર્તાઓનો સંગ્રહ. બુદ્ધિ-બળ અને અક્કલનો ભંડાર છે, પૃષ્ઠ ૪૦૦,- મૂળ કિંમત રૂા. ૩-૦-૦ હાલની કિંમત રૂા. ૧-૮-૦

વસંત કુમારી અથવા **મુંબઈની મોહિની:**—આજનો સુધારો દુનિયાનું કેવું સત્યાનાશ વાળે છે? પોકળ કેળવણીથી કેવાં માઠાં ફળ નીપજે છે? વગેરે વિષયોનાં અનેક રસદાર પકવાન્ન પીરસ્યાં છે. કિંમત ફક્ત રૂા. ૦ાા.

લંડન રાજ્ય રહસ્ય:—પોતાને સુધારેલામાં ખપાવનારા ઇંગ્લાંડ દેશમાં કેવી રાજદ્વારી ખટપટો બને છે? તેનો ભેદી ચિતાર. પાકું સોનેરી પુઠું કિંમત રૂા. ૧-૮-૦.

માતાનાં આંસુ:— બાળકનું રક્ષણ તથા માતાનો બચ્ચાં ઉપર પ્રેમ બતાવેલો છે. સચિત્ર. રૂ. ૧-૦-૦

લોહીનો પ્યાલો:-પરાક્રમી વીરપુરૂષ **વીરસિંહ** રૂ. ૦-૮-૦

બ્રાહ્મણ ચંદ્ર:—(સુધારાની ફત્તેહ!) હાથમાં સુધારાનો વા-

વટો લઈ સંસારના મેદાનમાં બહાર પડેલા સુધારક કિંમત રૂા. ૧-૪

રમણ અને તારાઃ—ભાગ્ય હીન ભાઈ બ્હેન. કપટી દુનિયાંએ નિર્દોષ અને ભોળાં માણસો ઉપર ગુજારેલો જુલમ! મ્હોટા કહેવાતા શાહ શેઠીઆના કાવા દાવા! મૂળ કિંમત રૂા. ૧-૮-૦ હાલ થોડો વખત રૂા. ૦-૧૨-૦.

સુરતીલાલ. અથવા સટ્ટાના બેહાલ! (ભીમસેનના અને નટવરના કર્તાની લખેલી) રૂા. ૦-૧૨-૦

રસિક ચંદ્રઃ—ત્રણ ભાગ. નામથીજ પરીક્ષા. પ્રેમનો અદ્‌ભુત રસ પાને પાને ઝરે છે. દરેક ભાગની કિંમત રૂા. ૧-૦-૦

અયોધ્યા અને અંગ્રેજઃ—કંપની સરકાર અને તેના અધિકારીઓએ અયોધ્યામાં કેવા ત્રાસ અને જુલમ વર્તાવ્યો હતો; તેનું કરૂણાજનક વૃત્તાંત. નવલકથાના રૂપમાં—બંગાળી ઉપરથી બનાવેલું કિંમત રૂા. ૧-૮-૦. હાલ ફક્ત રૂા. ૧-૦-૦.

વીર કેસરી શિવાજીઃ—મહારાજા શિવાજીની ઇતિહાસિક નવલકથા કિંમત રૂા. ૧-૦-૦. હાલ રૂા. ૦-૧૨-૦

રસ-વીર-ચંદ્ર—મ્હોટા ૩૫૦ પાનાનું. નવરસ ભરેલાં ચમત્કારિક પ્રસંગોનું એક અલૌકિક નવીન નૉવેલ. કિંમત રૂા. ૧-૮-૦

સદ્‌ગુણી સીતા અને પાપી પિતાઃ—એક નવીન નવલકથા દુનિયામાં પાપ અને ધર્મનું કેવું અનાદિ વેર ચાલતું આવે છે? અને ધર્મ અધર્મ વચ્ચે કેવું ભયંકર યુદ્ધ ચાલે છે! તેનો આબેહુબ ચિતાર જોવો હોય તો આ નૉવેલ વાંચો. કિંમત માત્ર રૂ. ૦-૮-૦

"યોગિની"—'ગુજરાતી' પત્રના જાણીતા લેખક કવિ લેખક શ્રીયુત **'દીવાના'**ની રસીલી કલમથી લખાયેલી છે. કિંમત રૂા. ૧-૦-૦ ઘટાડેલી કિંમત. રૂા. ૦-૮-૦.

નટવરઃ—એક સચિત્ર નવરસ ભરિત પ્રખ્યાત નૉવેલ કિંમત રૂા. ૩-૦-૦.

વિધવા વિયોગિનીઃ—એક વિધવા રમણી પ્રેમના પાશમાં પકડાઈને બિચારી કેવી તરફડે છે? તે વાંચો જૂઓ. ઠક્કુર નારાયણની કલમથી લખાયેલું મુળ રૂા. ૧ હાલકિં. રૂા. ૦-૮-૦.

પંજાબની રાણી—પંજાબી વીર રણજીતસિંહની મહારાણી ચંદાબાઈના વખતની એક ઉત્તમ નવલકથા 'ભારત જીવન" ના તંત્રી રા. ડાહ્યાભાઈની લખેલી. રૂ. ૧-૮-૦

માલવિકા—પ્રેમની રાણી "માલવિકા" તથા અગ્નિમિત્રનું અલૌકિક પ્રેમ ચિત્ર. રૂ. ૧-૪

સતી હીરાદેવી:—રૂદ્ર અને વીર રસ. કિંમત રૂા. ૦-૮-૦.

પાપી કે પ્રેમી ?—વિશ્વાસઘાતનો નકંપાત. કિ. રૂા. ૦-૬-૦

ખીલી મારી કુસુમ!—સરસ્વતી ચંદ્રની ભેળી કુસુમ સંસારમાં પગ મૂકી કેવાં કેવાં મહાન્ કાર્યો કરે છે! કિં. રૂા. ૧-૦-૦

ખંડેર લાખપર પાણી—મૈનાની મૂર્ખાઈ લખાતપતિના પુત્રોની લપટીલીલા રૂા. ૧-૦-૦

સુરતની સુંદરી—નામથીજ મન લે હરી કિં. ફક્ત રૂ. ૧)

ભોજ અને કાલિદાસ—અક્કલવાન અને હુશીયાર બનાવનાર બુધ્ધિનો બગીચો. કિં રૂા. ૦-૧૨-૦

મંડળગઢની મોહિની—નવી નવલ કથા કિં રૂ. ૦-૮-૦

સ્વચ્છંદી સ્ત્રી-સ્ત્રી સુધારો કે સંસારનો સત્યાનાશ રૂ. ૦-૮

સતી લક્ષ્મી—ગરીબ પ્રજાની ઉપર જુલમ ગુજારનાર કન્યા વિક્રયનો કોપ રૂ. ૦-૮-૦

કમળ કુમારી—મેવાડના વીર પુરૂષોની વીર કથા! પ્રેમનો ઝરો—મહાન લેખક ના—હે-કૃત રૂ. ૦-૮-૦

જગદેવ પરમાર—સતી વીરમદેનું ચરિત્ર રૂ. ૦-૧૨-૦

ખંભાતનો ખુની—બંડ ભરેલી લુટારાઓના પરાક્રમની નવલ કથા કિંમત રૂ. ૦-૧૨-૦

આનંદ મુસાફરી—હાતમતાઈના અજબ બનાવોથી ભરપુર રૂા. ૦-૮-૦

ત્રણ રત્નો—એક એક રત્ન હજારો રૂપિયાની કિંમતનું છે. અમે ત્રણે રત્નના ફક્ત રૂ. ૦-૬-૦ લઈએ છીએ.

તાચીજ—ટાલીમસેન—એક નવું વીરરસ ભર્યું મ્હોટું નોવેલ સુવિખ્યાત ગુર્જર પંડિત નવલરામ લક્ષ્મીરામના પુત્ર સાક્ષર ધીમતરામભાઇનું લખેલું ૪૦૦ પાનાં પાકું પુંઠું-કિંમત બહુજ સસ્તી ફક્ત રૂા. ૧-૦-૦

સૂર્યપુરની રાજબાળા—નામ તેવું કામ-રાજબાળાનાં અને રાજપૂતોનાં પરાક્રમોની કથા। ભેટ ઉપર ભેટ--એક વાર્તાની ચોપડી ઇનામ સાથે રૂા. ૦-૮-૦

દીનકરમણિ—આ નોવેલ છેક નવી ફેશનથીજ લખાયું છે. વાંચીને અજબ થશો. રૂા. ૧-૦-૦

સંભાજી—શિવાજી મહારાજના પુત્ર સંભાજીની ઐતિહાસીક નવલકથા કીંમત ફક્ત રૂા ૦-૧૨-૦

કુમુદા—નવું નવરસ ભર્યું નૉવેલ એકવાર વાંચો. અને આ પાપી જગતની પ્રપંચ-ખટપટથી જાણીતા થાઓ. કિં. રૂ. ૦-૧૦-૦

નરસિંહ મહેતો—ભક્તોને માટે ભક્તિનું નોવેલ રૂ. ૦-૪-૦

મીરાંબાઇ—„ „ „ રૂ. ૦-૪-૦

રાચ માંડલિક—જુનાગઢના માંડલિકરાજાની વાર્તા રૂ. ૦-૮-૦

વિલાસ સુંદરી—અજબ પ્રેમ અને વિલાસની વાર્તા જુદા જુદા ચાર ભાગમાં જુદા પુસ્તકો ચારેની એક સાથે કિં. ૧-૪-૦

રતિ રમણ—એક પ્રેમ રસની અદ્દભુત નોવેલ રસ ઝરે અને ટીપાં સરે રૂા. ૦-૮-૦

લીલાવતી—મહાસતી લીલાવતીનાં શીયળની અલૌકિક નવલ કથા જૈન મહાસતી નારીની અલૌકિક નવલ વાર્તા કિં. ફક્ત આ. ૧૨.

કામકળા અને કામરૂપ—ભિખારી અને ભુપની ભુલાવી દેનારી વાર્તા કવિ સામળની વાર્તાઓ જેવી ઢબમાં રૂા. ૦-૮-૦

ચમત્કારી તારા—તીખી તમતમતી તારાબાઇનાં પરાક્રમો તો જુઓ! ફક્ત રૂા. ૦-૪-૦

ચંદ્ર—તપેલાં મગજને ઠંડક કરનારા ચંદ્રની નવલકથા આ. ૮

ચોરાસી વૈષ્ણવ—નામ તેવાજ ગુણ! વિષ્ણુના પરમ ભક્ત પુરૂષોનાં અલૌકિક ચરિત્રો કિંમત રૂ. ૦-૧૨-૦

બસોબાવન વૈષ્ણવોની વાર્તા—પાકાં પુઠાંની મ્હોટી દળદાર બુક જેમાં ૨૫૨ કૃષ્ણ ભક્તોની ભવસાગર તારનારી કથાઓ સમાવેલી છે. કિંમત રૂા. ૧-૮-૦

સંગીત ગરબાવળી—ગુજરાતના ઉત્તમ લેખકો અને પ્રખ્યાત કવિયોની લખેલી સ્ત્રી ઉપયોગી કવિતાઓનો મ્હોટો સંગ્રહ ૩૫૦ પૃષ્ટ રૂા. ૦-૧૨-૦

ભક્ત શિરોમણી—ભક્તોના ભજન સાગર કિં ફક્ત ૦-૮-૦

મનહર મોતી—સંગીત ગાયનોના ફુલતોરા ગુલાબી ગોટાઓની રંગીલી બહાર! રૂ. ૦-૩-૦

વૈદકનાં ઉત્તમ પુસ્તકો.

ઘર વૈદું:-વૈદ્ય વિદ્યા વિશારદ જટાશંકરભાઇ તે "વૈદ્ય કલ્પતરૂ" નામનાં જાણીતા વૈદક માસિકના તંત્રીના હાથથી લખાએલું ખાસ અનુભવી દવાઓ અને માહિતીઓનું દળદાર પુસ્તક, લગભગ ૫૦૦ મ્હોટા પૃષ્ટ, સોનેરી પાકું પુંઠું કિં. રૂા. ૩-૦-૦

નાડી જ્ઞાન તરંગિણી: નાડી પરીક્ષાનો ઉત્તમ ગ્રંથ કિં. રૂા. ૧-૮-૦. હાલ ફક્ત રૂા. ૧-૦-૦.

આયુર્વેદ સુધાકરઃ—આમાં અનેક જાતના રસાયણના પ્રયોગો બતાવેલા છે. એ ઉપરાંત વૈદકને લગતી અનેક બાબતો સમજાવેલી છે. મૂળ અને ગુજરાતી ભાષાંતર સાથેજ કિંમત રૂા. ૧-૮-૦.

અડધી કીંમતે! અડધી કીંમતે!

અમો ખાત્રી આપીએ છીએ કે નીચેનાં પુસ્તકો હમ્મેશના ફેમીલી ડોકટર અથવા વૈદરાજની ગરજ સારે છે! નવા વૈદ અને ડાકટરો સહેલથી આ પુસ્તકોની મદદ મારફતે હજારો રૂપિયા કમાઇ ગયા છે અને જેઓ લાભ લેશે તેઓ પણ ચોક્કસ કમાશે.

આર્યભિષક અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ—આ પુસ્તક પ્રખ્યાત વૈદ્યરાજ શંકર દાજી શાસ્ત્રીપદેનું બનાવેલું છે. આજ સુધી તે રૂા. ૧૦] માં વેચાય છે. ઘણા સુધારા વધારા સાથેની મોટી નવી આવૃતિનો ગરીબ તેમજ તવંગર સરખી રીતે લાભ લઇ શકે માટે હાલ તેની કિમ્મત રૂા. ૫-૦-૦ રાખવામાં આવી છે. આશા છે કે ગુજરાતી જાણનારા વૈદ અને ડાકટરો આવી સોના જેવી તક જવા દેશે નહિ પૃષ્ટ ૧૦૦૦ પાકું સોનેરી પૂઠું.

અમૃત સાગર અથવા પ્રતાપ સાગર વૈદ્યક—સુધારેલી વધારેલી નવી આવૃતિ. આમાં ઘણા ઉપયોગી ૨૫ તરંગો છે. નિદાન ચિકિત્સા અને રોગની પરીક્ષા બતાવી તેને માટે અનેક જાતની રામબાણ દવાઓ દર્શાવેલી છે. આ મહાન ગ્રંથ તમામ પુસ્તકોમાં આપેલાં અનુભવ સિદ્ધ ઔષધોનો મહાસાગર છે. પ્હેલી આવૃત્તિની કિમ્મત રૂા. ૩-૮-૦ હતી. આ મોટી નવી આવૃત્તિની કિમ્મત હાલ રૂા. ૧-૮-૦ રાખેલી છે.

વૈદ્યક સાર સંગ્રહ—આમાં વૈદકને લગતી ઝીણી મોટી ઘણી બાબતો ટુંકમાં સમજાવેલી છે. એ એક સારા ઘર વૈદની ગરજ સારે છે. કિમ્મત રૂા. ૦-૮-૦

વૈદ્યામૃત—નામથીજ સમજાય છે. વૈદોનાં જીવન રૂપ છે. જીંદગીનું અમૃત છે. કિમ્મત રૂા. ૦-૬-૦

વૈદ્ય વલ્લભ—આ પણ ન્હાનો ઉપયોગી વૈદક ગ્રંથ છે. કિમ્મત ફક્ત રૂા. ૦-૬-૦

રોગ નિવારણ—રોગોની ચિકિત્સા અને પરીક્ષા કરીને પ્રમાણે દરેક રોગની રામબાણ દવાઓ બતાવેલી છે કિંમત રૂ. ૦-૪-૦

ઘરનો હકીમ—વૈદ, ડાક્ટરો અને હકીમોની ફી બચાવી ઘરગતુ ફત્તેહમંદ ઉપાયોથી દરદો મટાડવાં હોયતો ખરીદો આ પુસ્તક કિંમત ફક્ત રૂ. ૦-૮-૦

જીવન રસાયન—વ્યાધિ હજાર પણ ઔષધ બાર પ્રો. કણીયાની લખેલી આ જીંદગીની ચાવી કોણ નહીં ખરીદે ? કિંમત ફક્ત રૂ. ૦-૧૨-૦

યોગ ચિન્તામણી—ચરક, સુશ્રુત, વાગ્ભટ અને માધવ વિગેરે મ્હોટા વૈદક ગ્રન્થોના સાર રૂપ એક પ્રાચીન અમૂલ્ય વૈદકગ્રન્થ કિંમત ફક્ત રૂ. ૧-૮-૦

જાદૂઈ પુસ્તકો.

કૌતુક રત્નાકરઃ—જાદૂના હેરત પમાડનારા ખેલો શીખવનાર મહાન જાદૂગર ગ્રંથ મૂળ કિંમત રૂા. ૨-૮-૦ હાલ ફક્ત રૂા. ૧-૮-૦

ગુપ્ત વિદ્યાઃ—અજાયબ જાદૂ વિદ્યા, કિ. ફક્ત રૂા. ૦-૮-૦

વેચાણ મત રત્નાવળી—સટ્ટાનો ભેદ અને કળા બતાવનારી અમૂલ્ય ચાવી. રૂ. ૧-૮

પંજાબી લાગબાજી—એક ચમત્કારિક જાદૂપ્રયોગ, રસાયન અને યોગ વિદ્યાનું પુસ્તક મૂળ કિમ્મત રૂા. ૩ હાલ ફક્ત રૂા.૦-૧૨-૦

દેવતાઇ જાદુગર—એક અજબ ચીજ—વાંચો—હસો—બનો અને દુનિયાને બનાવો ! અકલ ગુમ તમાસાઓ કિંમત ફક્ત રૂ. ૦-૮-૦

કામાક્ષી તંત્ર—કામરૂ દેશની અજબ જાદુ વિદ્યા—મ્હોટો પાકું સોનેરી પુઠું ૩૫૦ પાનાનો ગ્રન્થ હાલ કિંમત ફક્ત રૂ, ૧ ૦-૦

ઇસ્લામી પુસ્તકો:

કુતુહુશશામ:—ઇસ્લામી તવારીખની ઉમદા બીના. આ પુસ્તક દરેક ઇસ્લામી ભાઇના ઘરમાં હોવુંજ જોઇએ. એમાં ઇસ્લામી મજહબની અનેક ખુબીઓ સમાયેલી છે. કિંમત રૂ. ૧–૪–૦.

નસીરૂદ્દીન—એક રસીલી ઇસ્લામી નોવેલ. ઘણો દિલ ચસ્પ ઉઠાવ ! રમુજી પ્લોટ! વાંચવા લીધા પછી પૂરી કર્યા વિના હાથમાંથી છોડવી ગમે તેમ નથી. કિ. ફકત રૂ. ૦–૮–૦

સયદે-હુવસ—જાણીતા ઉર્દુ શાયર મી. હસીરનો નામીચો ખેલ. ગાયન અને જબાની સાથે પૂરો કિમ્મત ફકત રૂ. ૦–૬–૦

બાદશાહી રંગ મહેલ અથવા **બેગમોની પ્રેમલીલા**—આ પુસ્તકમાં પાક પ્યારનો એક મહાસાગર ભરેલો છે. ભેદી કરૂણા રસિક બનાવો વાંચવાથી અને પ્યારને માટે ભોગ આપનારાં વ્હાલાંઓનાં વૃત્તાંતથી દિલ પીગળીને પાણી થઇ જાય છે, અને ખરા પ્યારની ખુબી સમજાય છે. છપાય છે. પૃષ્ટ ૪૦૦ પાકું સોનેરી પૂઠું. કિંમત અગાઉથી ફકત રૂ. ૧–૦–૦.

મરિયમની મહોબ્બત:—એક ભેદ ભરેલી ડીટેકટીવ વાર્તા. પાને પાને પ્યારનાં ઝરણાં ઝરે છે. વારંવાર વાંચવાથી પણ મન ધરાતું નથી, એવી એ ખેંચાણકારક નવલકથા છે. કિં. રૂ. ૦–૧૨–૦.

રજીયા બેગમ:—સુપ્રસિદ્ધ પાયતખ્ત દિલ્હીની ગાદીપર રાજ કરી ગયેલી, પહેલ વહેલી મુસલમાની બેગમનો રસીલો ઇતિહાસ ભાગ ૧ લો. જાણીતા લેખક ઠકકુર નારાયણની કલમથી લખાયેલી પાકું પુઠું કિંમત રૂ. ૦–૮

કુદરતનો ખેલ:—એક મુસલમાની તવારીખની ઐતિહાસિક અને સાંસારિક નવા નવા રંગરસવાળી નવલકથા, તેમાં તુરકી રાજની જાહોજલાલી, બદમાસ અલાઉદીનના કાવા દાવા, ખુબસુરતીની રાણી ઝુબ્યદા ઉપર ગુજરાતી આફતો, તેની હેરત પમાડનારી ચાલાકી, પાકદામનનો પ્રતાપ, વિગેરે કુદરતની બલિહારીના અનેક ખેંચાણ કારક બનાવોથી ભરેલી છે. આશરે ૩૦૦ પાનાં ટેબલને શોભાવે તેવું સુંદર પૂઠું. છટાદાર ભાષા અને સંગીન વાંચન, કિમ્મત રૂ. ૧–૮–૦

ફાલનામું-અથવા ભવિષ્ય જોવાની આરસી. કિંમત ફક્ત રૂા.૦-૮

કોમી પડનામુઃ—ઇસ્લામી કોમની ચડતી પડતી માટે રસદાર ઉર્દુ જબાનમાં ચર્ચા કરેલી છે ગુજરાતી હરફોમાં રૂ. ૦-૮-૦

બેગમ લુત્ફુન્નિસા—સિરાજુદ્દૌલાની માનીતી, પાકજાદ બેગમનો પ્યાર, નીચ લોકોનાં કાવતરાં અને રાજકીય ખટપટનો ભેદી ચિતાર સોનેરી પુઠું સુંદર ચિત્રો કિંમત રૂા. ૧-૮-૦

વાસોખ્તે અમાનત—અથવા ખ્યાલે આશકાના રૂ. ૦-૩-૦

એ શિવાય ઘણી જાતના ઇસ્લામી પુસ્તકો હમ રે ત્યાં સસ્તે ભાવે મળી શકશે. મહેરબાની કરીને જાતે મગો અથવા પત્ર લખીને મંગાવો. જરૂર લાભ થશે.

ધર્મ-જ્ઞાન-વેદાંત અને નીતિ.

પંચદશી—વેદાંતનો અત્યુત્તમ ગ્રંથ, મહાત્મા વિદ્યારણ્ય સ્વામીની જ્ઞાન પ્રસાદી. હીરો અને સોને મઢયો! શ્રીયુત ઇચ્છારામ સૂ૦ દેસાઇની લખેલી ઉતમ ટીકા, વિવરણ અને દ્રષ્ટાન્તોથી ભરપુર! ગુજરાતી પ્રેસમાં છપાયેલો અદ્વિતીય ગ્રન્થ—કિંમત રૂા. ૬

ચંદ્રકાન્તઃ—આના જેવું ગુજરાતી ભાષામાં બીજું કોઇ પુસ્તકજ નથી. એ દરેક ગુજરાતી જાણનારા ખાત્રીથી માને છે. માટે હાથ કંકણ ને આરશીની શી જરૂર? ત્રણ ભાગમાંના દરેકની કિંમત રૂા. ૨-૮-૦.

શિવ પુરાણઃ—શૈવ મ વ ળાઓનો પરમ આદરપાત્ર આ એક ઉત્તમ ગ્રંથ છે. સુંદર ચિત્રો સહિત કિંમત ૫ ૦-૦.

ધર્મ સિંધુઃ—પ્રસિધ્ધ ધર્મ ગ્રંથ રૂ. ૭-૦-૦

નિર્ણય સિંધુઃ—સો રૂપિયા ખર્ચ કરતાં પણ મળતો નહિ એજ અદ્વિતીય ગ્રન્થ છે. રૂ. ૬-૦-૦

ચડીઆતી આવૃત્તિ ,, રૂ. ૮-૦-૦

શ્રીમદ્ ભાગવતઃ—શ્રી કૃષ્ણ ભગવાનની પ્રેમ અને જ્ઞાન લીલા. સચિત્ર દળદાર ધર્મ ગ્રંથ. ૫-૦-૦

ગિરધર કૃત રામાયણ મ્હોટી—સોનેરી પાકું પૂંઠું ૭૫૦ પાનાં! સોનું ને સુગંધ! કિંમત ફક્ત. રૂા. ૨-૦-૦

લવાજમ રૂ. ૧–૮–૦ ઠક્કર બ્રધર્સ ભાગાતળાવ—સુરત. ૧૧

ભક્તરાજ **અમૃતલાલ** પઢીઆરનાં નીચેનાં લોકપ્રિય પુસ્તકો કેવાં ઉત્તમ છે તે લખી બતાવવાની શું કંઇ જરૂર છે?

સંસારમાં સ્વર્ગ	(ભક્ત પઢીયારનું લખેલું)	૧—૮—૦
સ્વર્ગનું વિમાન,	”	૧—૦—૦
સ્વર્ગની કુંચી,	”	૧—૦—૦
સ્વર્ગનો ખજાનો	”	૧—૦—૦
સાચું સ્વર્ગ	”	૧—૮—૦
સ્ત્રીઓનું સ્વર્ગ	”	૧—૮—૦
સ્વર્ગની જીંદગી	”	૧—૮—૦
સ્વર્ગની સીડી	”	૧—૮—૦
સ્વર્ગની સ્ત્રીઓ	”	૧—૮—૦
પ્રેમ પ્રેમને પ્રેમ	”	૧—૦—૦
દશમ સ્કંધ.	(સસ્તાં સાહિત્યનાં)	૦॥=
એકાદશ સ્કંધ.	”	૦।=
યોગવાશિષ્ઠ	”	૦॥૭
ભગવદ્ગીતા.	”	૦)=॥
શ્રી કૃષ્ણ ભગવાનની છબી		૦)-

એ સિવાય ભક્તરાજ **અમૃતલાલ** તથા “સસ્તું સાહીત્ય મંડળ” ના તમામ પુસ્તકો હમારે ત્યાં મળશે.

આત્મ દીપીકા—બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન અને વેદાંતનો વજ્રનાદ! એક વાર વાંચવાથીજ મોક્ષનો માર્ગ દેખાઈ આવે છે, રૂ. ૨–૦–૦ હાલ રૂ. ૧–૦–૦

ખેડુતના કાયદાનો ખુલાસો—પાટીદાર જાગીરદાર, જમીનદાર, પટેલ, કણબી અને કૃષિકાર તમામ વર્ગના રોજગારનો જીવન ગાળો. આ ફકત એકજ પુસ્તક પાસે રાખવાથી વકીલ બારીસ્ટરની સલાહ લેવાની જરૂર પડશે નહી. કિં. રૂ. ૨–૦–૦

પાતંજલ યોગ દર્શન—યોગ વિદ્યા શીખનારા અને જાણનારા માટે આ દર્શન શાસ્ત્રનું પાતંજલિ ભગવાનનું રહસ્યાત્મક પુસ્તક એક ભોમીયારૂપ છે. કિંમત ફકત રૂા. ૧–૮–૦

કર્મ યોગ—સ્વામી વિવેકાનંદ જેમણે છેક અમેરિકા યુરોપનાં દેશોમા હિંદનો ડંકો વગાડયો હતો, તેમના નામથી કે અજાણ્યું છે? તેમનું લખેલું આ પુસ્તક ફક્ત રૂા, ૦–૮–૦

શિવ સ્વરોદય—સ્વર તે શું? યોગ વિદ્યામાં સ્વરની કે રીતે વ્યવસ્થા સમજાવેલી છે? એ જાણવાનું યોગનું પહેલું પગથીયું. રૂા. ૦–૪–૦

પાંડવાશ્વ મેધ—પ્રાચીન પુરાણોની રસમય કથા. પાંડવોએ અશ્વમેધ યજ્ઞ કીધો તે વખતનું વીરરસમાં વર્ણન. ઘટાડેલી કિંમત ફક્ત રૂા. ૦–૧૨–૦

મહાભારત! મહાભારત!—મ્હોટા બે ભાગમાં અને લગભગ ૨૨૦૦ પૃષ્ટોમાં રાગ રાગણી અને કવિતાઓમાં જુની અસલી પ્રસાદી આવી બીજી કોઇ જગ્યાએ મળતી પણ નથી! બુકની થોડી નકલો બાકી છે. મુળ રૂા, ૧૦ હાલ રૂા. ૪–૦–૦

એ શિવાય "ગુજરાતી" પ્રેસનાં પુસ્તકો, મુંબઇ, સુરત અને અમદાવાદમાં છપાયેલાં તમામ જાતનાં પુસ્તકો તથા સંસ્કૃત ઇંગ્રેજી અને ઘણી જાતનાં ઇસ્લામી પુસ્તકો સસ્તે ભાવે મળશે.

તા. ક.—જુદી જુદી ભાષામાંથી અનુવાદ કરાવવા માટે પુસ્તકો લખાવવા તથા સસ્તે ભાવે છપાવવા માટે સઘળો મનપસંદ બંદોબસ્ત કરી આપવામાં આવે છે.

પુસ્તકો વેચનાર અને પ્રસિદ્ધ કરનાર,

ઠક્કર બ્રધર્સ, ભાગાતળાવ; સુરત.

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ ભાગાતળાવ—સુરત.